## –:: રે. દિ. મુ. નં. ૨૧/૨૦૧૧ ના કામે આંક–૫ લગત હુકમ ::–

વાદી તરફે : વિધ્વાન સીની.વકીલશ્રી જી.જી.પુજારા

પ્રતિવાદી તરફે : વિધ્વાન સીની.વકીલશ્રી વાય.એચ.ઠકકર

(૧) આ કામેના વાદીએ પ્રતિવાદી સામે હાલનો દાવો કાયમી મનાઈહુકમ અને ડેકલેરેશન મેળવવા માટે કરેલ છે. દાવા સાથે આંક–૫ થી હાલની કામચલાઉ મનાઈહુકમની અરજી દીવાની કાર્યરીતિ અધિનિયમ આદેશ ૩૯, નિયમ–૧, ૨ અને સાથે કલમ–૧૫૧ હેઠળ કરવામાં આવેલ છે.

(૨) **હકીકત** : વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે વાદીના સ્વતંત્ર કબજા, ભોગવટા, માલીકીનુ ખેતર–૧ મોજે ગેડી તા.રાપરના રે.સ.નં.૩૨૮/૩ વાળુ આવેલ છે. જેને હવે પછી સગવડતા ખાતર "દાવાવાળા ખેતર" તરીકે સંબોધવામાં આવેલ છે. દાવાવાળુ ખેતર ભુલથી ગોપારા રવા રજપુતના નામે ચડી ગયેલ અને પાછળથી વારસાઈ હકકે પ્રતીવાદીએ પોતાના નામે રેવન્યુ રેકર્ડમાં ટ્રાન્સફર કરાવી લીધેલ. પરંતુ દાવાવાળા ખેતરમાં સ્થાનીકે કબજો ભોગવટો વાદીનો છે અને વાદી પોતે જાતે ખેડે વાવે છે. ચાલુ સાલે ગુવાર, છાટેતલ તથા જારનું વાવેતર કરેલ છે. વાદી અભણ, અજ્ઞાત અને ખેડુત વર્ગના માણસ હોય રેવન્યુ રેકર્ડમાં તપાસ કરાવેલ નહી. હાલમાં વાદીએ દાવાવાળા ખેતરની રેવન્યુ રેકર્ડની નકલો કઢાવતા, વાદીને જાણ થયેલી. જેથી વાદીએ એકાદ માસ અગાઉ પ્રતીવાદી ને દાવાવાળુ ખેતરમાં રેવન્યુ રેકર્ડમાં થયેલ ભુલ સુધારી આપવા જણાવેલું. પરંતુ વાદીએ થોડા સમય પછી તમારા નામે કરી આપીશ તેમ જણાવેલ જેથી તેમની સામે કોઈ કાર્યવાહી કરેલ નહી. વધુમાં જણાવેલ છે કે દાવાવાળુ ખેતર રેવન્યુ રેકર્ડમાં પ્રતીવાદીના નામે વેચસાટ કરવાની પેરવીમાં છે. જેથી વાદીએ તા.૧૩/૭/૨૦૧૧ ના રોજ પ્રતીવાદીને રૂબરૂ મળેલ કહેલ કે રાપર આવી મારૂ ખેતર મારા નામે કરી આપો તો તેમણે ધમકી આપેલ કે હુ તમારૂ ખેતર તમારા નામે નહી કરી આપુ,

તમારાથી થાય તે કરી લેજો. જેથી ના છુટકે વાદીએ હાલનો દાવો પ્રતીવાદી સામે કરેલ છે. વધુમાં જણાવેલ છે કે દાવાવાળા ખેતરમાં પ્રતીવાદીનો કોઈ હકક હીસ્સો કે હીતસબંધ ન હોવા છતા વેચસાટ કરવા માંગતા હોય તેમજ કબજા ભોગવટા માલીકીમાં તેમજ વાદીના દાવાવાળા ખેતરમાં કબજા ભોગવટા માલીકીમાં અડચણ અટકાયત કરતા હોય, વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોય હાલનો દાવો પ્રતીવાદી વિરૂધ્ધ દાખલ કરી, કાયમી મનાઈહુકમ તથા ડેકલેરેશન મેળવવા કરેલ છે સાથે આંક ૫ થી કામચલાઉ મનાઈહુકમની અરજી દાખલ કરી પ્રતીવાદી વિરૂધ્ધ પ્રતીવાદી પોતે જાતે એજન્ટો નોકરો, કટુંબીજનો વગેરે મારફતે અન્ય કોઈ હકે વેચાણ ગીરો બક્ષીસ ટ્રાન્સફર કરે કરાવે નહી તેમજ પ્રવેશ કરે/કરાવે નહી અને વાદીના કબજા,ભોગવટો માલીકીમાં અડચણ અટકાયત કરે કરાવે નહી તેવો દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) વાદી તરફે આંક ૩ ના પુરાવાના લીસ્ટથી નીશાની ૩/૧ દાવાવાળા ખેતરની ટીપ્પણની ખરી નકલ, નીશાની ૩/૨ થી દાવાવાળા ખેતરની એકર મુકરર થયા તેની ખરી નકલ, નીશાની ૩/૩ થી દાવાવાળા ખેતરની ૭/૧૨ ની ખરી નકલ, નીશાની ૩/૪ થી દાવાવાળા ખેતરની ૮–અ ની ખરી નકલ, નીશાની ૩/૫ થી ભરતસિંહ હનુભા વાઘેલાનનુ સોગંદનામુ, નીશાની ૩/૬ થી પઢીયાર જીવીબેન ભીખા રજપુતનુ સોગંદનામુ, નીશાની ૩/૭ થી નોંઘા હમીરા રજપુતનુ સોગંદનામુ, નીશાની ૩/૮ થી મેરૂ રૂડાનુ સોગંદનામુ, નીશાની ૧૪/૧ થી કોર્ટ કમીશ્નરનુ પંચનામુ, નીશાની ૧૪/૨ થી પંચનામાની વિગતે નકશો, આંક ૧૯ થી નીશાની ૧૯/૧ થી સુડબુકના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે.

(૪) અરજીના અનુસંધાનમાં પ્રતિવાદીને દાવાનો સમન્સ તથા અરજીની નોટીસ બજતા પ્રતિવાદી પોતાના વિધ્વાન સી.વકીલ શ્રી વાય.એચ.ઠકકર મારફતે હાજર થઈ પ્રતીવાદીઓ તરફે આંક–૧૫ થી દાવાનો અને કામચલાઉ મનાઈ અરજીનો સંયુકત લેખીત જવાબ રજુ કરેલ છે.

(૫) પ્રતીવાદી તરફે આંક ૧૫ ના લેખીત જવાબમાં વાદીના દાવા અને કામચલાઉ મનાઈ અરજીની મુખ્યત્વે હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે દાવાવાળુ ખેતર પ્રતીવાદીની વડીલોપાર્જીત મીલ્કત છે અને રેવન્યુ રેકર્ડ મુજબ તથા સ્થાનીકે દાવાવાળા ખેતરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો તથા માલીકી પ્રતીવાદીની છે. વધુમાં જણાવેલ છે કે વાદીના બનેવી નોંઘા તેજા રવા પ્રતીવાદીના પીતરાઈ ભાઈ થાય છે અને ૧૯૬૮ ના અરસામાં દાવાવાળા ખેતરની માપણી અને સુડબુક સમયે વાદી દાવાવાળા ખેતરે પ્રતીવાદીના વડીલોના સબંધી તરીકે હાજર હતા. જેથી માપણી સમયે હાજર ઈસમ માલીકના પ્રતીનીધી એવા વાદીનુ નામ માપણીશીટ અને સુડબુકમાં દાખલ થયેલ છે. વધુમાં જણાવેલ છે કે રાપરના હકકપત્રકના નોંધ નં.૩૯૦ થી દાવાવાળુ ખેતર જુના સર્વે નં.૨૮૬૭ એકર ૨–૦૦ ગુઠાવાળુ જુની નોધ નં.૮૩ થી ઈનામી જમીન ઘરખેડમાં ધારણ કરનાર પ્રતીવાદીના પિતા ગોપારા રવા સેલોત અન્ય ખેતીની જમીન સાથે ધરાવતા હતા અને હકકપત્રક નોંધ નં.૩૦૧૦ થી દાવાવાળુ ખેતર નવા સર્વે નં.૩૨૮/૩ હાલના પ્રતીવાદીને વારસાઈ હકકે પ્રાપ્ત થયેલ છે. આમ, દાવાવાળુ પ્રતીવાદીની વડીલોપાર્જીત મીલ્કત છે. વધુમાં જણાવેલ છે કે રાપર તાલુકામાં નર્મદા નહેરના કામો શરૂ થવાની વાદીની દાનત બગડતા પ્રતીવાદી પાસેથી દાવાવાળુ ખેતર અગરતો મોટી રકમ પડાવાના મલીન ઈરાદાથી હાલનો ખોટો દાવો કરેલો છે. વધુમાં જણાવેલ છે કે પ્રતીવાદીના દાવાવાળા ખેતરનો પ્રત્યક્ષ કબજો બાર વર્ષથી વધુ સમયથી રેકર્ડથી ધરાવતા હોવાની હકીકત વાદીને દાવો કરવામાં અડવર્સ પઝેશનના કાનુન પ્રમાણે બાધ આવશે તેમ જણાતા સમયમર્યાદામાં દાવો કરેલ હોવાનુ પ્રસ્થાપિત કરવા મનઘડત હકીકતો ઉભી કરી છે. જેથી વાદીએ દાવાનું કોઈ કારણ ઉત્પન્ન ન થયેલ હોય ખોટી હકીકતો જણાવી ખોટો દાવો કરેલ હોય, વાદીના કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી, સગવડતી સમતુલા વાદીની તરફેણમાં નથી. જેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરી, રૂા.૩૦૦૦/– કોસ્ટ અપાવવા અરજ છે.

(૬) પ્રતીવાદીઓ તરફે આંક ૨૭ થી દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ કરવામાં આવેલ છે. જેમાં નીશાની ૨૭/૧ થી ગેડી ગામના હકકપત્રક નોંધ નં.૮૩ ની નકલ, નીશાની ૨૭/૨ થી ગેડી ગામના હકકપત્રક નોંધ નં.૩૯૦ ની નકલ, નીશાની ૨૭/૩ થી ગેડી ગામના હકકપત્રક નોંધ નં.૨૮૩૦ ની નકલ, નીશાની ૨૭/૪ થી ગેડી ગામના ૭/૧૨ ની નકલ.

(૭) વાદી તરફે આંક ૨૦ થી પ્રતીવાદીના જવાબ આંક–૧૫ ની સામે કાઉન્ટર સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે.જેમાં મુખ્યત્વે પ્રતીવાદીના જવાબની હકીકતોનો ઈન્કાર કરી ખુલાસો કરી જણાવેલ છે કે વાદીના દાવાને એડવર્સ પઝેશનના કાયદા મુજબ સમયમર્યાદાનો બાધ નડતો હોવાની હકીકત ખરી નથી, કારણ કે દાવાવાળા ખેતરનો કબજા,ભોગવટો માલીકી હકકે સ્થાનીકે વાદીનો છે. તેમજ રેવન્યુ રેકર્ડ માલીકીનો સબબ પુરાવો નથી. રેવન્યુ રેકર્ડ ફકત વેરાની વસુલાત પુરતુ મહત્વ છે. તેના કોઈ માલીકી સાબીત થતી નથી કે તેના આધારે કોઈની માલીકી જતી રહેતી નથી. વધુમાં જણાવેલ છે કે દાવાવાળુ ખેતર વાદીના કબજા,ભોગવટા માલીકીનુ છે. વાદી જાતે ખેડે વાવે છે અને ચાલુ સાલે પણ ખેડેલ વાવેલ છે. પ્રતીવાદીએ કયારેય ખેડેલ વાવેલ નથી આમ, વાદીનો પ્રથમ દર્શનીયક કેસ હોય માગ્યા મુજબનો મનાઈહુકમ ન આપવામાં આવે તો દાવાવાળુ ખેતર પ્રતીવાદી ખોટા રેવન્યુ રેકર્ડના આધારે પડાવી લેશે.આમ બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીની તરફેણમાં છે. જેથી વાદીને માગ્યા મુજબનો દરમ્યાન મનાઈહુકમ આપવા વિનંતી કરેલ છે.

(૮) મનાઈ અરજી સંદર્ભે વાદીના અને પ્રતીવાદીના વિધ્વાન વકીલશ્રી ની મૌખિક રજુઆત ધ્યાનપુર્વક સાંભળવામાં આવેલ છે જે મુદાઓની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વગેરે ધ્યાને લેતા આંક–પની કામચલાઉ મનાઈ અરજીનો ન્યાય–નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલાં છે :–

(૧) શું વાદી પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) "નકારમાં"

(૨) "નકારમાં"

(૩) "નકારમાં"

(૪) આખરી હુકમ મુજબ.

## –:: કા ર ણો ::–

(૧૦) મનાઈ હુકમ આપવો કે ન આપવો એ અદાલતની વિવેકાધીન સતા છે પરંતુ આ સતાનો ઉપયોગ પુરતા કારણો અને ન્યાયિક અને કાયદાકીય સિધ્ધાંતથી સમર્થનકારક હોવો જોઈએ. મનાઈહુકમ આપવાથી જો સામા પક્ષકાર મુશ્કેલીમાં મુકાઈ જાય તેવી સતાનો ઉપયોગ કરી શકાય નહી અને મનાઈ હુકમ માંગનારે પોતે હકીકત અને કાયદાકીય સિધ્ધાંતોથી મજબુત પ્રથમ દર્શનીય કેસ ધરાવે છે તે હકીકત પ્રાથમીક રીતે અદાલત સમક્ષ લાવવી જોઈએ એટલુ જ નહી પક્ષકારો વચ્ચેની તકરાર પણ શુધ્ધબુધ્ધિપુર્વકની હોવી જોઈએ. કેટલીક વખત એવુ પણ બને છે કે બંને પક્ષકારો તરફથી સાચી હકીકત અદાલતના રેકર્ડ પર લાવવામાં આવતી નથી અથવા તો સાચી હકીકતોના બદલે તેમાં અતિશયોકિત અથવા ન્યુનતાપુર્વકની અથવા તો અધુરી વિગત અદાલતમાં રેકર્ડમાં લાવવામાં આવતી હોય છે. એવા સંજોગોમાં મનાઈ હુકમ આપવામાં આવે અથવા ન આપવામાં આવે

ત્યારે સામા પક્ષકાર મુશ્કેલીમાં મુકાતા હોય છે. બલ્કે અન્ય દાવાદુવીના પ્રકરણો ઉપસ્થિત થાય છે અને કેટલીક વખત એવુ પણ બને છે કે અદાલતમાં ન્યાયની માંગણી કરવા આવનાર પક્ષકાર ન્યાય મેળવવાના પ્રાથમીક તબકકે જ નિષ્ફળતા મેળવે છે અને તેના પરિણામે અન્ય દાવાદુવીના પ્રકરણમાં તેમને ઉતરવુ પડે છે. પ્ર થમ દર્શનીય કેસનો અર્થ એવો નથી કે માગનારે એટલે કે વાદીએ તેનો કેસ સાબીત કર્યો છે. એટલે કે તેઓ ખુબ જ મુશ્કેલીમાં છે જેથી તેઓ હુકમ મેળવવા હકકદાર છે. પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવા માટે ભારતીય પુરાવાના સામાન્ય સિધ્ધાંતો સાથે સબંધીત કાનુની પ્રબંધોથી એવી હકીકતોને અનુમોદન મળવુ જોઈએ. માત્ર પ્રથમ દર્શનીય કેસની હાજરી માત્રથી જ વાદી તેવો હુકમ મેળવી શકે નહી પણ ગંભીર નાણાકીય નુકસાન કે જે વળતર આપવાથી પણ ભરપાઈ થઈ શકે તેમ નથી તેવુ તેણે સાબીત કરવુ જોઈએ. તેની સાથે મનાઈ હુકમ મેળવવા સિવાય બીજો વિકલ્પ નથી તેવુ બતાવવુ પડે. વળી બંને પક્ષકારોની સરખામણીએ મનાઈહુકમથી કયા પક્ષકારને અગવડતા પડશે તે તરફે ધ્યાન દોરવાનો તેમનો પ્રયત્ન રહેવો જોઈએ. બીજો સિધ્ધાંત એવો છે કે મનાઈહુકમથી વાદીને તેઓના અધિકારો ઉપર જે તરાપ પડે છે તે તરાપ સામે તેને રક્ષણ આપવામાં ન આવે તો તેઓનો દાવો નિષ્ફળ જશે અથવા દાવાનો હેતુ માર્યો જશે તેથી તે ત્વરિત દાદ મેળવવા હકકદાર છે તેવુ બતાવવુ પડે છે. આ પ્રકારનુ રક્ષણ આપવાથી સામાપક્ષને અથવા તો અન્ય બીજા કોઈપણ પક્ષને અન્યાય ન થાય તે પણ જોવાની અદાલતની ફરજ છે અને તે રીતે અદાલતે ન્યાયીક સંતુલન જાળવવાનુ રહે છે.

**મુદા નં.૧ : પ્રથમ દર્શનીય કેસઃ**

(૧૧) આ કામેના વાદીએ દાવાવાળા ખેતર પર પોતાનો કબજો ભોગવટો હોવાનું પ્રથમ દર્શનીય સાબીત કરવા વાદીના વિધ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે દાવા સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તેમજ સોગંદનામાઓ કામચલાઉ મનાઈહુકમની અરજી નિર્ણીત કરતી વખતે ધ્યાને લેવા જોઈએ. વાદીએ તેમના

સમર્થનમાં નામદાર ગુજરાત **ASHWINBHAI SOMABHAI PATEL & ANR. VS. NRUGENDRPRASADJI AJENDRAPRASADJI PANDEY & ORS.**,2009(3)GLH 138 ના ચુકાદાનો આધાર રાખેલ છે. જે ચુકાદો આ અદાલતને શીરોમાન્ય છે. વાદીએ પોતાના સમર્થનમાં નિશાની ૩/૧ થી દાવાવાળા ખેતરનું ટીપ્પણ, નીશાની ૩/૨ થી એકર મુકરર કર્યા અંગેનુ પત્રક, નીશાની ૩/૩ થી દાવાવાળા ખેતરની ૭/૧૨, નીશાની ૩/૪ થી દાવાવાળા ખેતરની ૮–અ, અને નીશાની ૩/૫ થી નીશાની ૩/૮ સુધીના સોગંદનામા રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

(૧૨) વાદીના વિધ્વાન વકીલશ્રીની વધુમાં દલીલ એવી છે કે દાવાવાળુ ખેતર વાદીના કબજા, ભોગવટા અને માલીકીનુ આવેલ છે પરંતુ રેવન્યુ રેકર્ડમાં પ્રતી વાદીના નામે ચડી જવાના કારણે પ્રતીવાદી અડચણ, અટકાયત કરતા હોય હાલનો દાવો કરેલ છે. દાવાવાળા ખેતર પર વાદીનો કબજો બતાવવા નીશાની ૩/૧ થી માપણી શીટ સને ૧૯૬૮ ની રજુ કરવામાં આવેલ છે જેમાં વાદીના દાવાવાળા ખેતરનો સર્વે નંબર, વાદીનુ નામ, દર્શાવવામાં આવેલ છે, અને વધુમાં જણાવેલ છે કે નીશાની ૩/૨ થી એકર મુકરર કર્યાનુ પત્રક ૧૯૬૮ માં તૈયાર થયેલુ રજુ કરવામાં આવેલ છે.

(૧૩) વધુમાં વાદીના વિધ્વાન વકીલશ્રીની એવી દલીલ છે કે પ્રમોલગેશન વખતે ભુલથી દાવાવાળુ ખેતર પ્રતીવાદીના નામે ચડી ગયેલ અને વાદીની અજ્ઞાનતાના કારણે ખબર પડેલ નહી.વધુમાં જણાવેલ છે કે પ્રતીવાદી દાવાવાળુ ખેતર વેચસાટ કરવાની પેરવીમાં હોય તા.૧૩/૭/૨૦૧૧ ના રોજ પ્રતીવાદી ને મળતા ધમકી આપેલી જેથી દાવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે.

(૧૪) વધુમાં વાદીના વિધ્વાન વકીલશ્રીની એવી દલીલ છે કે દાવાવાળા ખેતરમાં વાદીનો કબજો બતાવવા નીશાની ૩/૫ ભરતસિંહ હનુભાનુ સોગંદનામુ, નીશાની ૩/૬ થી દેવીબેન ભીખાભાઈ રજપુતનુ સોગંદનામુ, નીશાની ૩/૭ થી નોંઘા હમીરા રજુપતનુ સોગંદનામુ, નીશાની ૩/૮ થી મેરૂ રૂડા રજપુત નુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. આ તમામ સોગંદનામાઓ સોગંદનામા કરનારની જમીન

દાવાવાળી જમીનની આજુબાજુમાં આવેલી છે. જે સોગંદનામામાં દાવાવાળા ખેતરમાં વાદીનો કબજો,ભોગવટો હોવાની હકીકતને સમર્થન કરતા હોવાની રજુઆત કરેલ છે.

(૧૫) વધુમાં વાદીના વિધ્વાન વકીલશ્રી એવી દલીલ કરે છે કે વાદીએ કોર્ટ કમીશ્નર મારફતે કરવામાં આવેલ પંચનામુ તેમજ પંચનામાની વિગતે તૈયાર કરેલ નકશો (રફ સ્કેચ) અનુક્રમે નીશાની ૧૪/૧ તથા ૧૪/૨ થી રજુ કરવામાં આવેલ છે જેમાં દાવામાં જણાવેલ ચર્તુસીમાને સમર્થન મળે છે અને સદર પંચનામુ ખોટુ છે તેવો પ્રતીવાદીએ કોઈ વાંધો લીધેલ નથી. વધુમાં પોતાની રજુઆતમાં જણાવેલ છે કે દાવાવાળા ખેતર પર વાદીનો બેટર ટાઈટલ અને કબજો હોવાની રજુઆત કરેલ છે, અને વાદીએ પોતાના કેસના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટના **Rame Gowda(D)By Lrs. Vs. Varadappa Naidu(D)By Lrs.**, 2003(0) GLHEL-SC 23528, Civil Appeal No.7662-1997, decided Dt.15-12-2013,ના ચુકાદા પર આધાર રાખી રજુ કરવામાં આવેલ છે જે આ અદાલતને શીરોમાન્ય છે.

(૧૬) વધુમાં વાદીના વિધ્વાન વકીલશ્રીની એવી દલીલ છે કે સદર કામે પ્રતી વાદીએ દાવાવાળા ખેતર પર માલીકી ટાઈટલની તેમજ એડવર્સ પઝેશનની એમ બંને બચાવ (PLEA) લેવામાં આવેલ છે, જેથી પ્રતીવાદી બંને પ્લી એકસાથે લઈ શકે નહી. આમ વાદીએ પોતાની દલીલના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટનો **KARNATAKA BOARD OF WAKL VS.GOVERNMENT OF INDIA**, 2004(0)GLHEL-SC-14133, Civil Appeal No.16899-1996, Decided Dt.16-04-2004,ના ચુકાદા પર આધાર રાખી રજુ કરેલ છે જે આ અદાલતને શીરોમાન્ય છે.

(૧૭) બીજીબાજુ પ્રતીવાદી તરફે તેઓના વિધ્વાન વકીલશ્રીએ એવી દલીલ કરેલ છે કે વાદીની તમામ દાવાહકીકતોનો ઈન્કાર આંક–૧૫ ના જવાબથી કરવામાં

આવેલ છે અને જણાવેલ છે કે દાવાવાળી ખેતર ૫ર વાદીનો કોઈ કબજો ભોગવટો આવેલ નથી અને દાવાવાળા ખેતર ૫ર કબજો ભોગવટો પ્રતીવાદીનો આવેલો છે. વધુમાં પોતાની રજુઆતમાં જણાવેલ છે કે પ્રમોલગેશન નોંધ નં.૩૯૦ પ્રતીવાદીના સમર્થનમાં નીશાની ૨૭/૨ થી રજુ કરવામાં આવેલ છે. સદર દાવાવાળી જમીન પ્રતીવાદીના પિતાના નામે આવેલ છે તે બતાવવા નીશાની ૨૭/૧ થી નોંધ નં.૮૩ રજુ કરવામાં આવેલ છે. વધુમાં પોતાની રજુઆતમાં જણાવેલ છે કે નોંધ નં.૮૩ અને ૩૯૦ ખોટી છે તેવુ આજદીન સુધી વાદી તરફે ૫ડકારવામાં આવેલ નથી. આમ, દાવાવાળા ખેતર ૫ર પ્રતીવાદીનો ૫૦ વર્ષથી કબજો ભોગવટો રેવન્યુ રેકર્ડના આધારે આવેલ હોવાની રજુઆત કરેલ છે.

(૧૮) ઉ૫રોકત બંને ૫ક્ષકારોના વિઘ્વાન વકીલશ્રીઓની ઉ૫ર મુજબની સમગ્ર દલીલ તેમજ રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતા સદર કામે વાદી તરફે નીશાની ૩/૧ થી ૩/૮ વાળા તેમજ નીશાની ૧૯/૧ મુજબના તમામ દસ્તાવેજો વંચાણે લઈ ઘ્યાને લેવામાં આવેલ છે. વાદી તરફે નીશાની ૩/૫ થી ૩/૮ થી જે સોગંદનામાઓ રજુ કરવામાં આવેલા છે તે તમામ સોગંદનામા ઘ્યાને લેવામાં આવે તો દાવાવાળા ખેતર ૫ર વાદીના વડીલોના વખતથી કબજો ભોગવટો હોવાનું અને ખેડતા વાવતા હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં સદર કામે વાદી તરફે નીશાની ૩/૧ અને ૩/૨ થી અનુક્રમે ટીપ્પણ અને એકરમુકરર કર્યા અંગેનુ ૫ત્રક રજુ કરેલ છે. ૫રંતુ આ દસ્તાવેજી પુરાવાની સામે સદર કામે પ્રતીવાદી તરફે રજુ થયેલા નીશાની ૨૭/૧ થી ૨૭/૪ સુધીના તમામ દસ્તાવેજો વંચાણે લઈ ઘ્યાને લેવામાં આવે તો આ તમામ દસ્તાવેજો પ્રતીવાદીને સમર્થન કરે છે, કારણ કે પ્રતીવાદીએ રજુ કરેલ રેવન્યુ રેકર્ડસમાં પ્રતીવાદીનું કબજેદારના કોલમમાં તેમજ હકક૫ત્રકમાં નામ ચાલે છે. જેથી આ તબકકે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫(જે) મુજબ જયાસુધી વિરૂઘ્ધનુ પુરવાર ન થાય ત્યાંસુધી પ્રતીવાદીએ રજુ કરેલ રેવન્યુ રેકર્ડસ ન માનવાને કોઈ કારણ નથી અને ખરૂ હોવાનુ અનુમાન કરવામાં આવે છે. જેથી દાવાવાળા ખેતર ૫ર પ્રતીવાદીનો કબજો ભોગવટો હોવાનું અનુમાન કરી

શકાય. વધુમાં સદર કામે પ્રતીવાદી તરફે રજુ કરવામાં આવેલ રેવન્યુ રેકર્ડસને આજદીન સુધી વાદી તરફે પડકારવામાં આવેલ નથી કે અપીલ રીવીઝન કરવામાં આવેલ નથી. આમ, સમગ્ર દાવાના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી દાવાવાળા ખેતર પર પ્રતીવાદીનો કબજો હોવાનું ફલીત થાય છે. આમ દાવાવાળા ખેતર પર વાદીનો કબજો ભોગવટો હોય તેવુ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી પ્રસ્થાપીત કરી શકેલ નથી. ત્યારે વાદી તરફે રજુ કરવામાં આવેલ નામદાર સુપ્રિમ કોર્ટના **Rame Gowda(D)By Lrs. Vs. Varadappa Naidu(D)By Lrs.**, 2003(0) GLHEL-SC 23528, Civil Appeal No.7662-1997, decided Dt.15-12-2013, ના ચુકાદામાં ઠરાવેલ છે કે ...

> That Trespasser's settle possession failure by either party to prove title, if the trespasser is in settle possession of the Property belonging to the rightful owner, the rightful owner shall have to take recourse to law, he can not take the law in his own hand, the law will come to the aid of a person in peaceful and settled possession by injuncting even a rightful owner.

આમ, સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે "જયારે કોઈ દાવામાં ટાઈટલ અને પજેશન અંગેની તકરાર હોય તો તે કેસમા વાદી ટાઈટલ પુરવાર કરવામા નિષ્ફળ રહે અને તેનુ પજેશન વાદગ્રસ્ત જગ્યા ઉપર સાબીત કરે તો તેને તે જગ્યાનો કબજો જાળવી રાખવા માટે રક્ષણ આપવુ જોઈએ અને મીલકતનો ખરો માલીક પણ કાયદો હાથમાં લઈ શકે નહી અને આવો કબજો કાયદેસરની પ્રક્રીયા અનુસર્યા વગર છીનવી શકાય નહી." પરંતુ સદર દાવાના કામે વાદી દાવાવાળા ખેતર પર પોતાનો કબજો પ્રસ્થાપિત કરી શકેલ નથી,

ત્યારે આ ચુકાદો વાદીને મદદકર્તા બનતા નથી. વધુમાં વાદી તરફે એવી તકરાર લેવામાં આવેલ છે કે પ્રતીવાદી એકસાથે ટાઈટલ અને અડવર્સ પઝેશનની એમ બે પ્લી લઈ શકે નહી. વાદીએ પોતાના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટના **KARNATAKA BOARD OF WAKL VS.GOVERNMENT OF INDIA**, 2004(0)GLHEL-SC-14133, Civil Appeal No.16899-1996, Decided Dt.16-04-2004,ના ચુકાદા પર આધાર રાખી રજુ કરેલ છે. પરંતુ સદર ચુકાદો વાદીને મદદકર્તા નથી. કારણ કે, પ્રતીવાદી તરફે રજુ કરવામાં આવેલ આંક – ૧૫ ના જવાબમાં આવી કોઈ તકરાર પ્રતીવાદી તરફે લીધેલ નથી. વધુમાં આ કામે વાદી તરફે રજુ થયેલ નીશાની ૩/૫ થી ૩/૮ સુધીના સોગંદનામામાં કયાંય પણ એવુ જણાવેલ નથી કે દાવાવાળુ ખેતર પ્રતીવાદી વેચસાટ માંગતા હોય કે પ્રયત્ન કરતા હોય. વધુમાં સદર સોગંદનામાઓ દાવાવાળા ખેતર પર વાદીનો કબજો હોય તેવુ કથન કરવામાં આવેલ છે પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ પ્રતીવાદીએ રજુ કરેલ રેવન્યુ રેકર્ડથી પ્રતીવાદીના કેસને સમર્થન મળતુ હોય ત્યારે વાદી તરફે રજુ થયેલા સોગંદનામાઓની હકીકતને સમર્થન મળતુ નથી. વધુમાં સદર કામે બંને પક્ષે માલીકીની એટલે કે ટાઈટલની તકરાર લેવામાં આવેલ છે. પરંતુ માલીકી નકકી કરવી એ સંપુર્ણ પુરાવાનો વિષય હોય, પુરાવો લીધા સિવાય આ તબકકે માલીકી નકકી થઈ શકે નહી. આમ, જયાં સુધી વાદી દાવાવાળી મીલ્કત પર પોતાનો બેટર ટાઈટલ સ્થાપીત ન કરે ત્યાંસુધી રેવન્યુ રેકર્ડસ ન માનવાને કોઈ કારણ નથી અને જયાંસુધી પ્રતીવાદીનું નામ રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે દાખલ થયેલ છે તેવુ પુરવાર ન થાય ત્યાંસુધી તે સાચુ છે તેવુ અનુમાન કરી શકાય. આમ, રજુ થયેલ તમામ રેકર્ડ તેમજ દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતા દાવાવાળા ખેતર પર વાદીનો કબજો સ્થાપીત થતો ન હોય ત્યારે વાદી માગ્યા મુજબની મનાઈહુકમની દાદનુ અસ્તિત્વ રહેતું ન હોય, વાદીનો પ્રથમ દર્શનીય કેસ માની શકાય નહી. જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવેલ છે.

(૧૯) **મુદા નં.(૨) અને (૩):**

આ કામે મુદા નં.૨ અને ૩ ની સગવડતા ખાતર પુરાવાનુ પુનરાવર્તન ન થાય તે હેતુથી સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

(૨૦) આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આ કામના વાદી જયારે વાદગ્રસ્ત જગ્યા ઉપર પોતાનો પ્રત્યક્ષ કબજો હોવાનું રેકર્ડ ઉપરથી પ્રથમ દર્શનીય રીતે સ્થાપિત કરી શકેલા નથી તે સંજોગોમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં હોવાનુ માની શકાય નહી. વધુમાં સદર દાવાના કામે રેકર્ડ પરથી પ્રતીવાદીનો કબજો ફલીત થતો હોય ત્યારે વાદીને માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવામા આવે તો વાદી કરતા સામાપક્ષે પ્રતીવાદીને નુકસાન થવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી.આમ, આ સંજોગોમાં મુદા નં.૨ તથા ૩ નો જવાબમાં નકારમાં ઠરાવી,મુદા નં.૪ પરત્વે ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. આ કામે વાદીની હાલની આંક–૫ ની સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર ૩૯ રુલ ૧,૨ તથા કલમ ૧૫૧ મુજબની વચગાળાના મનાઈહુકમની હાલની અરજી "**નામંજુર**" કરવામાં આવે છે.

**૨.** આ અરજી અંગેનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ : આજરોજ, તારીખ :૦૬, માહે સપ્ટેમ્બર, સને : ૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી મારી સહી/સીકકો કરીને જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : રાપર(કચ્છ)
તા.: ૦૬–૦૯–૨૦૧૪

**(શૈલેષકુમાર કે.પટેલ)**
**(Code No.GJ01326)**
અધિક સીવીલ જજ(એડહોક)
રાપર–કચ્છ